# Day to Day Current Affairs

6 April-2015

૧) **135 વર્ષ જુની પરંપરાગત મની ઓર્ડર સેવા પોસ્ટે બંધ કરી** : પોસ્ટવિભાગે 1લી એપ્રિલથી મની ઓર્ડર સેવા બંધ કરી તેના સ્થાને નવી ઇન્ટરનેટ બેઝ ઇન્સ્ટન્ટ મની ઓર્ડર એટલે કે આઇએમઓસેવાનો પ્રારંભ કર્યો છે. આ સેવામાં 24 કલાકમાં જ સંબધીત વ્યકિતને પૈસા મળી જશે ભારતે વર્ષ 1880માં આઇએમઓનો પ્રારંભ માર્ચ 2013માં કર્યો હતો. આઇએમઓની સાથે મની ઓર્ડર સેવા પણ ચાલુ રાખવામાં આવી હતી આખરે બે વર્ષ બાદ મની ઓર્ડર સેવાને બંધ કરવાનો નિર્ણય પોસ્ટ દ્વારા લેવાયોઅને તેની જાહેરાત 1લી એપ્રિલે કરી દેવાઇ.

૨) **આઇઆઇએચએફ આઇસ હોકી વુમન્સ વર્લ્ડ ચેમ્પિયનશીપ** : વિજેતા : અમેરિકા. હરીફ : કેનેડા

3) મિકો નાગાઓકા : જાપાનની 100 વર્ષની મહિલા મિકોએ 1500મીટર તરણ સ્પર્ધા એક કલાક 15મિનિટ અને 54.29 સેકાન્ડમાં પાર કરી સ્પર્ધા જીતી લીધી હતી.

૪) **મિયામી ઓપન** : ટેનિસ. મહિલા સિંગલ્સ વિજેતા : સેરેના વિલિયમ્સ(યુએસ). હરીફ : કાર્લા સુઆરેઝ નવારો(સ્પેન). સેરેનાએ આ સાથે સતત ત્રીજીવાર અને કરીયરમાં આઠમી વખત મિયામી ઓપનનું ટાઇટલ જીત્યું હતુ મેન્સ સિંગલ્સ વિજેતા : નોવાક યોકોવિચ. હરીફ : અન્ડી મરે (ઇંગ્લેન્ડ). યોકોવિચે તેની કારકીર્દીમાં પાંચમી વખત મિયામી ઓપનનું ટાઇટલ જીત્યું હતુ મિયામી ઓપનની પુરૂષ ડબલ્સની મેચમાં અમેરીકાના બ્રાયન બંધુ વિજેતા બન્યા હતાં.

૫) **મલેશિયા ઓપન** : બેડમિન્ટન. સ્પેનની કેરોલીના મારિને મલેશિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ચીનની લી ઝુરઇને પરાજ્ય આપી ટાઇટલ પર કબજો મેળવ્યો હતો.

૬) **અમદાવાદમાં વૈશ્વિક કક્ષાના ટેનિસ સ્ટેડીયમનું ખાત મુહૂર્ત** : મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સરદાર પટેલે સ્ટેડીયમ નજીક આવેલા અમદાવાદ સીટી ટેનિસ ફાઉન્ડેશનના સ્ટેડીયમનું ખાત મુહૂર્ત કર્યું હતું. આ કોર્ટ પર ગુજરાત આઇટીએફ પ્રો-૨૦૧૫ નો પ્રારંભ થશે. જેમાં દેશ વિદેશની મહીલા ખેલાડીઓ ભાગ લેશે. આ ટુર્નામેન્ટની ઇનામી રકમ 25 હજાર યુએસ ડોલર છે. અમદાવાદ સીટી ફાઉન્ડેશનનાં પ્રમુખ: ચિંતનભાઇ પરીખ.

૭) **દેશની સૌથી મોટી બલ્ક પાઇપ લાઇન યોજનાનો પ્રારંભ** : સૌરાષ્ટ્ર અને કચ્છના 5587 ગામો અને 116 શહેરોની પાણી અસત દુર કરવા રૂપિયા 2457 કરોડની 361 કીમી લાંબી પાઇપ લાઇન યોજનાનું મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે લોકાપર્ણ થયું. આ યોજનાથી પ્રત્યેક માણસને 100 લીટર પાણી મળતુ થશે. ગુજરાતનો આ સૌથી મોટો વોટર પ્રોજેકટ સુરેન્દ્રનગરના ઢાંકી ખાતે શ કરાયો.

www.vivekanandacademy.org